# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date :27-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. **જમ્મુ કાશ્મીરના વૈષ્ણોદેવી મંદિર તરફના માર્ગ પર ભૂસ્ખલન થતાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા , ભારે વરસાદના પગલે પંજાબ ની શાળાઓમાં રજા અપાઇ.**
2. **સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, અણધારી ભૂ-રાજકીય સ્થિતીને ધ્યાનમાં રાખીને, સશસ્ત્ર દળોએ ટૂંકા અને લાંબા ગાળાના સંઘર્ષો માટે તૈયાર રહેવું જોઈએ.**
3. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી જાપાન અને ચીનના સત્તાવાર પ્રવાસે જશે.**
4. **ગાઝાના ખાન યુનિસમાં પત્રકારોની હત્યાને ભારતે આઘાતજનક ગણાવી.**
5. **ઓગસ્ટમાં પહેલીવાર બરફવર્ષા સાથે લદ્દાખમાં, સુરુ સમર ફેસ્ટિવલ શરૂ.**

...................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# J&K- VAISHNO DEVI (INCLUDES JITENDRA-JAMMU)

જમ્મુ અને કાશ્મીરના કટરા ખાતે વૈષ્ણોદેવી મંદિર તરફ જતા માર્ગ પર ભારે વરસાદને કારણે ભૂસ્ખલન થતાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે.

ગઈકાલે ભારે વરસાદને કારણે વૈષ્ણોદેવી મંદિર કટરા નજીક ભૂસ્ખલન થયું હોવાની એસએસપી રિયાસી પરમવીર સિંહે મૃત્યુની પુષ્ટિ કરી હતી.

સતત વરસાદને પગલે , સીઆરપીએફની છઠ્ઠી બટાલિયનના જવાનોએ ઝડપથી કાર્યવાહી કરી, બચાવ કામગીરી શરૂ કરી અને ઘાયલોને કટરા સ્થિત સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી)માં ખસેડ્યા. ટીમે ફસાયેલા યાત્રાળુઓને પણ મદદ કરી અને આવશ્યક તબીબી અને લોજિસ્ટિકલ સહાય પૂરી પાડી. કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે જમ્મુમાં તાવી નદીનું સ્તર ઘટ્યું છે , પરંતુ ચિનાબ નદી ભયના નિશાનની નજીક વહેતી રહે છે. તેમણે કહ્યું કે , શાળાઓ અને કોલેજો બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે, અને સામાન્ય લોકોને તેમની સલામતી માટે બિનજરૂરી અવરજવરથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. મંત્રીએ માહિતી આપી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વ્યક્તિગત રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને અપડેટ્સ મેળવી રહ્યા છે.

ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને અધિકારીઓને અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક સહાય પૂરી પાડવા નિર્દેશ આપ્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભૂસ્ખલનમાં મૃત્યુ પામેલા પ્રત્યે સંવેદના વ્યકત કરી હતી.

. . . . . . . . . . .

# PUNJAB FLOOD

પંજાબના પઠાણકોટ, ગુરદાસપુર, ફાઝિલ્કા, ફિરોઝપુર, હોશિયારપુર, કપૂરથલા અને તરનતારન સહિત સાત જિલ્લાઓમાં હાઇ એલર્ટ જાહેર કરાયું છે. અમૃતસરમાં પણ ચેતવણી જાહેર કરવામાં આવી છે.

રાજ્યભરમાં પૂર નિયંત્રણ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. પંજાબની હાલની સ્થિતિ અંગે સાંભળીએ એક અહેવાલ

**(વોઈસ કાસ્ટ – રાજેશ બાલી)**

. . . . . . . . . .

# RAJNATH-DEFENCE

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આજે જણાવ્યું હતું કે , અણધારી ભૂ-રાજકીય સ્થિતીને ધ્યાનમાં રાખીને , સશસ્ત્ર દળોએ ટૂંકા ગાળાના સંઘર્ષોથી લઈને પાંચ વર્ષના યુદ્ધ સહિત તમામ પ્રકારના સુરક્ષા પડકારો માટે તૈયાર રહેવું જોઈએ.

મધ્યપ્રદેશના મહુમાં આર્મી વોર કોલેજ ખાતે 'રણ સંવાદ 'માં સંબોધનમાં તેમણે કહ્યું, આજના યુગમાં, યુદ્ધો એટલા અચાનક અને અણધાર્યા બની ગયા છે કે કોઈપણ યુદ્ધ ક્યારે સમાપ્ત થશે અને કેટલો સમય ચાલશે તેની આગાહી કરવી ખૂબ મુશ્કેલ છે.

. . . . . . . . . . . .

# MOD-MOU

સંરક્ષણ મંત્રાલયે 63 લાખથી વધુ નિવૃત્ત સૈનિકો અને તેમના આશ્રિતો માટે પેન્શન, આરોગ્યસંભાળ, પુનર્વસન અને કલ્યાણ સેવાઓને મજબૂત બનાવવા માટે નવી દિલ્હીમાં ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે , MoU હેઠળ, QCI ભૂતપૂર્વ સૈનિક કલ્યાણ વિભાગ (DESW) ને ડિજિટલ મૂલ્યાંકન , અસર મૂલ્યાંકન અને પુરાવા-આધારિત નીતિ ભલામણોમાં સહાય કરશે. મંત્રાલયે જણાવ્યું હતું કે , DESW રાજ્ય સરકારો, જિલ્લા સૈનિક બોર્ડ, સશસ્ત્ર દળો મુખ્યાલય અને પેનલ્ડ હોસ્પિટલો સાથે ડેટા ઍક્સેસ અને હિસ્સેદારોના સંકલનને સરળ બનાવશે.

તેમાં કહેવામાં આવ્યું છે કે આ પહેલ આરોગ્યસંભાળ વિતરણને મજબૂત બનાવશે, નિવૃત્ત સૈનિકો માટે પુનઃરોજગારી અને ઉદ્યોગસાહસિકતાની તકોનો વિસ્તાર કરશે અને રાજ્ય અને જિલ્લા સૈનિક બોર્ડના સંસ્થાકીય માળખાને મજબૂત બનાવશે.

. . . . . . . . . . . .

# PM VISIT JAPAN - CHINA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી જાપાન અને ચીનના સત્તાવાર પ્રવાસે જશે. આગમી 29 અને 30 મી ઑગસ્ટના તેમની મુલાકાત દરમિયાન , પ્રધાનમંત્રી મોદી તેમના જાપાની સમકક્ષ શિગેરુ ઇશિબા સાથે 15મી ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલન યોજશે. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ નવી દિલ્હીમાં મીડિયા સાથે પીએમ મોદીની જાપાન મુલાકાતની વિગતો શેર કરી.

ચીનમાં, પ્રધાનમંત્રી 31 ઓગસ્ટ અને 1 સપ્ટેમ્બરના રોજ તિયાનજિનમાં શાંઘાઈ સહયોગ સંગઠનની 25મી રાજ્ય વડાઓની પરિષદની બેઠકમાં હાજરી આપશે. વિદેશ મંત્રાલયમાં સચિવ (પશ્ચિમ) તન્મય લાલે પ્રધાનમંત્રી મોદીની આગામી ચીન મુલાકાત વિશે મીડિયાને માહિતી આપી.

. . . . . . .

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 4-5 દિવસ સુધી દેશના ઉત્તરપશ્ચિમ , મધ્ય અને પૂર્વીય ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. **IMD** એ જણાવ્યું હતું કે છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને ઓડિશામાં આવતીકાલે છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

જ્યારે ઉત્તરાખંડ , અરુણાચલ પ્રદેશ , આસામ, મેઘાલય, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, કર્ણાટક, કેરળ અને માહે , કોંકણ અને ગોવામાં આવતીકાલે ભારે વરસાદ ચાલુ રહેશે. નાગાલેન્ડ , મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, તેલંગાણા અને વિદર્ભમાં પણ આગામી પાંચ દિવસ સુધી આવી જ હવામાન સ્થિતિ રહેવાની શક્યતા છે.

આ દરમિયાન , હવામાન વિભાગે આગામી કેટલાક કલાકો સુધી દિલ્હી-**NCR**ના કેટલાક ભાગોમાં વાવાઝોડા અને વીજળી સાથે ભારે વરસાદની લાલ રંગની ચેતવણી પણ જારી કરી છે.

. . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# GANESH CHATURTHI

સમગ્ર દેશમાં આજે ગણેશ ચતુર્થીની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાઇ રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગણેશ ચતુર્થીના શુભ અવસર પર દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ લોકોને પર્યાવરણ સંરક્ષણ સાથે તહેવાર ઉજવવા અને સ્વચ્છ , હરિયાળા અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવા વિનંતી કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કામના કરી હતી કે આ શુભ અવસર દરેકના જીવનને શ્રદ્ધા અને આસ્થાથી ભરી દે અને સારા સમાચાર લાવે. તેમણે પ્રાર્થના કરી કે ભગવાન ગણેશ તેમના ભક્તો પર સુખ , શાંતિ અને સારા સ્વાસ્થ્યના આશીર્વાદ વરસાવતા રહે.

પુડુચેરીમાં વિનાયક ચતુર્થી ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહી છે. ભક્તોએ સવારે 4 વાગ્યે પ્રખ્યાત મનકુલા વિનાયક મંદિરમાં ખાસ અભિષેક સાથે દર્શન કરવાનું શરૂ કર્યું. ભક્તોની સલામતી અને સરળ અવરજવર સુનિશ્ચિત કરવા પોલીસે વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરી છે. લેફ્ટનન્ટ ગવર્નર કે. કૈલાશનાથન અને મુખ્યમંત્રી એન. રંગાસામીએ આ શુભ પ્રસંગે લોકોને શુભેચ્છાઓ પાઠવી છે.તો મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રમાં ગણેશ ઉત્સવ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી ઉજવવામાં આવી રહ્યો છે.

. . . . . . .

# INDIA ON KILINGS OF JOURALIST

ભારતે કહ્યું છે કે ગાઝાના ખાન યુનિસમાં પત્રકારોની હત્યા આઘાતજનક અને ખૂબ જ ખેદજનક છે. પત્રકારોના જીવ ગુમાવવા અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં, વિદેશ મંત્રાલયે કહ્યું કે, ભારતે હંમેશા સંઘર્ષમાં નાગરિકોના જીવ ગુમાવવાની નિંદા કરી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે , ઇઝરાયલી અધિકારીઓએ આ કેસમાં તપાસ શરૂ કરી દીધી છે.

. . . . . .

# NHRC-MAHARASHTRA

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે ચાર કામદારોના કથિત મૃત્યુના મામલે મહારાષ્ટ્રના મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને નોટિસ ફટકારી છે. મીડિયા અહેવાલોની નોંધ લેતા, પંચે બે અઠવાડિયામાં વિગતવાર અહેવાલ માંગ્યો છે.

માનવ અધિકાર પંચે કહ્યું છે કે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના તારાપુરના બોઇસર ઔદ્યોગિક વિસ્તારમાં સ્થિત એક દવા ઉત્પાદન એકમમાં નાઇટ્રોજન ગેસ લીકેજને કારણે ચાર કામદારોના મોત થયા હતા અને બે ઘાયલ થયા હતા . તેમજ ઘટના સમયે 36 કામદારો હાજર હતા.

વધુમાં પંચે કહ્યું છે કે જો સમાચાર અહેવાલ સાચા હોય , તો તે માનવ અધિકારોના ઉલ્લંઘનનો ગંભીર મુદ્દો છે.

. . . . .

# VIVEK GAUR - PASSED AWAY

વર્ષ  1992 બેચના વરિષ્ઠ ભારતીય માહિતી સેવા અધિકારી વિવેક કુમાર ગૌરનું આજે સવારે નવી દિલ્હીમાં અવસાન થયું. તેઓ ૫૯ વર્ષના હતા. વીકે ગૌર હાલમાં આકાશવાણી સમાચાર સેવા વિભાગમાં કાર્યરત હતા.

તેમણે ગંગટોકમાં પ્રાદેશિક સમાચાર એકમથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો અને પ્રાદેશિક પ્રચાર નિયામકમંડળમાં વિવિધ હોદ્દાઓ પર કામ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LG LADAKH GRACE SURU SUMMER FESTIVAL

સુરુ ખીણમાં ઓગસ્ટમાં પહેલીવાર બરફવર્ષા સાથે લદ્દાખમાં, સુરુ સમર ફેસ્ટિવલ 2025 ઐતિહાસિક રીતે શરૂ થયો.. , આ ઉદ્ઘાટન સમારોહમાં કેન્દ્રીય સંસદીય અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ મુખ્ય મહેમાન તરીકે અને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર કવેન્દ્ર ગુપ્તા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ સભાને સંબોધતા , કહ્યું કે ઓગસ્ટમાં થયેલી દુર્લભ બરફવર્ષાએ આ તહેવારને હાજર રહેલા બધા માટે જીવનમાં એક વાર જોવા મળતો અનુભવ બનાવ્યો.

વિકાસ પર બોલતા , રિજિજુએ ભાર મૂક્યો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ , ભારત સરકાર સરહદી ગામોની પ્રગતિ માટે પ્રતિબદ્ધ છે , તેમને "છેલ્લા કરતાં દેશના પ્રથમ ગામો" ગણાવ્યા. તેમણે કારગિલ અને લદ્દાખ માટે ખાસ કૌશલ્ય વિકાસ પેકેજોની જાહેરાત કરી , જેમાં યુવાનોને સશક્તિકરણ અને પ્રવાસન ક્ષેત્રમાં તકોને પ્રોત્સાહન આપવા પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. તેમણે ખાતરી આપી કે યુવા વિકાસ માટે વધુ એક ખાસ પેકેજ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

. . . . . .